# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૪૯ તા.૨૫-૦૮-૨૦૨૦

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- ૫ સપ્ટેમ્બર-૨૦૨૦ 'શિક્ષક દિન' નિમિત્તે ફાળો એકત્રિત કરવા બાબત.

સંદર્ભ :- ક્રમાંક : પ્રાશિનિ/જ/રાજય એવોર્ડ/૨૦૨૦/૨૧૧૦-૨૨૫૧ તા.૧૦-૦૮-૨૦૨૦

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે, દર વર્ષે ૫ મી સપ્ટેમ્બર 'શિક્ષક દિન' તરીકે ઉજવાય છે પરંતુ ચાલુ વર્ષે કોવિડ-૧૯ મહામારીની કારણે શાળાકક્ષાએ કાર્યક્રમ યોજી શકાય તેમ નથી.

તા.૫-૦૯-૨૦૨૦ થી એક સપ્તાહ દરમ્યાન 'શિક્ષક દિન' નિમિત્તે ફાળો ઉઘરાવવાનું આયોજન કરેલ છે. તેથી વધુને વધુ ફાળો એકત્રિત કરવા જણાવવામાં આવે છે. એકત્રિત થયેલ ફાળાની રકમ જે-તે ઝોનના મદદનીશ શાસનાધિકારીશ્રીને તા.૧૨-૦૯-૨૦૨૦ના રોજ જમા કરાવવાની રહેશે. મદદનીશ શાસનાધિકારીશ્રીએ જમા થયેલી રકમ તા.૧૩-૦૯-૨૦૨૦ના રોજ મુખ્ય ઓફિસે એકાઉન્ટન્ટશ્રીને જમા કરાવવાની રહેશે.

તા.૨૫-૦૮-૨૦૨૦

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૪૯-A તા.૨૫-૦૮-૨૦૨૦

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :-** **પોષણ માહ ૨૦૨૦ની ઉજવણી ‘સહી પોષણ-દેશ રોશન’ થીમ પર ઉજવણી સંદર્ભે શાળાઓમાં ‘કિચન ગાર્ડન’ વિકસાવવા બાબત.**

**સંદર્ભ :-** **ક્રમાંક : પ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૦/૩૯૯૦-૪૦૭૬ તા.૨૫-૦૮-૨૦૨૦**

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ‘રાષ્ટ્રીય પોષણ માહ’ તરીકે તા.૧ થી ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૦ ને ‘સહી પોષણ-દેશ રોશન’ થીમ આધારિત ઉજવણી કરવા માટે સરકારશ્રીએ નિર્ણય લીધેલ છે. શિક્ષણ વિભાગ દ્વારા આગામી પોષણ માહ ૨૦૨૦ની ઉજવણી પ્રત્યેક શાળામાં એક કિચન ગાર્ડન વિકસાવવા જણાવેલ છે. કોરોના કોવિડ-૧૯ની પરિસ્થિતિને લક્ષમાં રાખી અને હાલની વર્ષાઋતુના સંદર્ભે આ પ્રવૃત્તિ શાળાના શિક્ષકો અને મધ્યાહ્ન ભોજન યોજનાના માનદ્ વેતન ધારકો દ્વારા શાળાના પ્રાંગણમાં ‘કિચન ગાર્ડન’ વિકસાવવાની પ્રવૃત્તિ થઈ શકે. શાળાઓમાં બાળકોના પોષણ માટે વિવિધ પ્રકારના ફળો, શાકભાજીના વૃક્ષો જેમ કે ટામેટા, દુધી, કારેલા, સરગવા, લીંબુ, આંબો, જાંબુ, જામફળ, આમળા વગેરે વૃક્ષો શાળા પરિસરમાં ઉછેરવા અને ઉત્પન થયેલ ફળો, શાકભાજી શાળાઓના બાળકો માટે તાજુ ભોજન તૈયાર કરવામાં વપરાય. જેથી બાળકોમાં પોષણની માત્રા વધે અને બાળકોનું સ્વાસ્થય સારૂ રહે. ‘સુપોષિત ભારત વર્ષ ૨૦૨૨’ના સ્વપ્નને સિદ્ધ કરવા માટે રાજય સરકારના અનેક વિભાગો દ્વારા જુદી જુદી પ્રવૃત્તિઓ ઝુંબેશરૂપે હાથ ધરવામાં છે.

સપ્ટેમ્બર-૨૦૨૦ ‘રાષ્ટ્રીય પોષણ માસ’ની ઉજવણીમાં કિચન ગાર્ડન મહત્વનો કાર્યક્રમ હોઈ પ્રવૃત્તિઓ હાથ ધરવાની થાય છે. હાલમાં વર્ષાઋતુ સક્રિય છે. નવા છોડ, રોપાઓ ઉછેરવા માટે હાલ અનુકૂળ વાતાવરણ છે. તેથી પ્રત્યેક શાળામાં ઉપલબ્ધ જગ્યા પ્રમાણે મધ્યાહન ભોજન યોજનામાં વપરાશ થઈ શકે તેવા શાકભાજીના છોડ જેમ કે, રીંગણ, ટામેટા,દૂધી, ધાણા, મરચાં, આદું, મીઠો લીમડો તથા સરગવા, લીંબુ, જામફળ, દાડમ,ચીકુ જેવા દીર્ઘઆયુ રોપાઓનું વાવેતર અને કાળજીપૂર્વક ઉછેર થાય તે માટે હાલની આ વર્ષાઋતુનો સમય અનુકૂળ છે. તેથી પોષણ માસ-૨૦૨૦ ની ઉજવણીના ભાગરૂપે સબબ આ કામગીરી ઝુંબેશ કરવાની રહેશે.

તા.૦૧-૦૯-૨૦૨૦ થી તા.૩૦-૦૯-૨૦૨૦ દરમ્યાન પોષણ માહ ૨૦૨૦ની ઉજવણીના ભાગરૂપે તમામ શાળાઓમાં નીચે મુજબની પ્રવૃત્તિ કરવા જણાવવામાં આવે છે.

૧. હયાત કિચન ગાર્ડનના કયારાઓની માવજત થાય તથા છોડવાની કાળજી લેવી.

૨. નવા છોડવાનું વાવેતર કરવું.

૩. સ્થાનિક જમીનની પ્રત અને આબોહવાને અનુરૂપ ફળછોડ અને બાળકોના મધ્યાહન ભોજન યોજનામાં ઉપયોગમાં લઈ શકાય તેવા શાકભાજીના રોપાનું વાવેતર અને જાળવણી કરવી.

સરકારશ્રીની કોવિડ-૧૯ની માર્ગદર્શિકાને અનુસરીને ઉકત તમામ સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવું.

બિડાણ : સંદર્ભિત પત્ર

તા.૨૫-૦૮-૨૦૨૦

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

(ઈ.નં. ૨૩૫૦૬)

ક્રમાંકઃપ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૦/ ૩૯૯૦-૪૦૭૬
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં-૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ રા. ગાંધીનગર. તા. ૨૫/૦૮/૨૦૨૦

પ્રતિ,
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

**વિષયઃ-** પોષણ માહ ૨૦૨૦ ની ઉજવણી "સહી પોષણ- દેશ રોશન" થીમ પર ઉજવણી સંદર્ભે- શાળાઓમાં "કિચન ગાર્ડન" વિકસાવવા બાબત.
તા. ૦૧/૦૯/૨૦૨૦ થી તા. ૩૦/૦૯/૨૦૨૦

**સંદર્ભઃ-** મધ્યાહન ભોજન યોજનાની કચેરી, ગાંધીનગરનો પત્ર ક્રમાંકઃ- મભય/અમલ/કિ.ગા/ ૨૦૨૦/૧૦૪૪૩-૫૧૮ તા. ૨૧/૦૮/૨૦૨૦

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનુ કે, "રાષ્ટ્રીય પોષણ માહ" તરીકે તા. ૧ થી ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૦ ને "સહી પોષણ- દેશ રોશન" થીમ આધારિત ઉજવણી કરવા માટે સરકારશ્રીએ નિર્ણય લીધેલ છે. શિક્ષણ વિભાગ દ્વારા આગામી પોષણ માહ ૨૦૨૦ ની ઉજવણી પ્રત્યેક શાળામાં એક કિચન ગાર્ડન વિકસાવવા જણાવેલ છે. Corona Covid- 19 ની પરિસ્થતિને લક્ષમાં રાખી અને હાલની વર્ષાઋતુના સંદર્ભે આ પ્રવૃત્તિ શાળાના શિક્ષકો અને મધ્યાહ્ન ભોજન યોજનાના માનદવેતન ધારકો દ્વારા શાળાના પ્રાંગણમાં "કિચન ગાર્ડન" વિકસાવવાની પ્રવૃત્તિ થઇ શકે. શાળાઓમાં બાળકોના પોષણ માટે વિવિધ પ્રકારના ફળો, શાકભાજીના વૃક્ષો જેમ કે ટામેટા, દૂધી, કારેલા, સરગવા, લીંબુ, આંબો, જાંબુ, જામફળ, આમળા વગેરે વૃક્ષો શાળા પરિસરમાં ઉછેરવા અને ઉત્પન થયેલ ફળો, શાકભાજી શાળાઓના બાળકો માટે તાજું ભોજન તૈયાર કરવામાં વપરાય, જેથી બાળકોમાં પોષણની માત્રા વધે અને બાળકોનું સ્વાસ્થ્ય સારૂ રહે. "સુપોષિત ભારત વર્ષ-૨૦૨૨" ના સ્વપ્નને સિધ્ધ કરવા માટે રાજય સરકારના અનેક વિભાગો દ્વારા જુદી જુદી પ્રવૃત્તિઓ ઝુંબેશરૂપે હાથ ધરવામાં છે.

સપ્ટેમ્બર- ૨૦૨૦ "રાષ્ટ્રીય પોષણ માસ" ની ઉજવણીમાં કિચન ગાર્ડન મહત્વનો કાર્યક્રમ હોઇ પ્રવૃત્તિ હાથ ધરવાની થાય છે. હાલમાં વર્ષાઋતુ સક્રિય છે. નવા છોડ, રોપાઓ ઉછેરવા માટે હાલ અનુકૂળ વાતાવરણ છે. તેથી પ્રત્યેક શાળામાં ઉપલબ્ધ જગ્યા પ્રમાણે મધ્યાહન ભોજન યોજનામાં વપરાશ થઇ શકે તેવા શાકભાજીના છોડ જેમ કે, રીંગણ, ટામેટા, દૂધી, ધાણા મરચાં, આદું, મીઠો લીમડો તથા સરગવા, લીંબુ, જામફળ, દાડમ, ચીકુ જેવા દીર્ઘઆયુ રોપઓનું વાવેતર અને કાળજીપૂર્વક ઉછેર થાય તે માટે હાલની આ વર્ષાઋતુનો સમય અનુકૂળ છે. તેથી પોષણ માસ-૨૦૨૦ની ઉજવણીના ભાગરૂપે સબબ આ કામગીરી ઝુંબેશ કરવાની રહેશે.

શાળાઓમાં કિચન ગાર્ડન બનાવવા માટે આપના તાબા હેઠળની તમામ પ્રાથમિક શાળાઓમાં આ અંગે જરૂરી સૂચના આપવા આથી જણાવવામાં આવે છે.

તા. ૦૧/૦૯/૨૦૨૦ થી તા. ૩૦/૦૯/૨૦૨૦ દરમિયાન પોષણ માહ ૨૦૨૦ ની ઉજવણીના ભાગરૂપે તમામ શાળામાં નીચે મુજબની પ્રવૃત્તિ કરવા જણાવવામાં આવે છે.

(૧) હયાત કિચન ગાર્ડનના કયારાઓની માવજત થાય તથા છોડવાની કાળજી લેવાની પ્રવૃત્તિ,
(૨) નવા છોડવાના વાવેતરની પ્રવૃત્તિ,

Scanned with CamScanner

(3) સ્થાનિક જમીનની પ્રત અને આબોહવાને અનુરૂપ ફળછોડ અને બાળકોના મધ્યાહ્ન ભોજન યોજનામાં ઉપયોગમાં લઇ શકાય તેવા શાકભાજીના રોપાનું વાવેતર અને જાળવણીની પ્રવૃત્તિ હાથ ધરાય તે જોવાનું રહેશે.

ઉકત મધ્યાહન ભોજન યોજનાની કચેરીના તા. ૨૧/૦૮/૨૦૨૦ ના પત્રને ધ્યાને લઇ આપના તાબા હેઠળની તમામ પ્રાથમિક શાળાઓમાં સરકારશ્રીની COVID-19 અંતર્ગતની ગાઇડલાઇનને અનુસરીને આ અંગે જરૂરી સૂચના આપવા આથી જણાવવામાં આવે છે.

બિડાણઃ- ઉપર મુજબ

સંયુકત શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ. રા. ગાંધીનગર

**નકલ સવિનય રવાનાઃ-**

- સંયુકત કમિશનરશ્રી, મધ્યાહન ભોજન યોજનાની કચેરી, બ્લોક નં- ૧૪/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

Scanned with CamScanner

ક્રમાંક:મભય/અમલ/કિ.ગા/૨૦૨૦/૧૦૫૫૩-૬૧૪
કમિશનરશ્રીની કચેરી
મધ્યાહ્ન ભોજન યોજના
બ્લોકનં ૧૪/૧.ડો.જીવરાજ મહેતા ભવન
ગાંધીનગર.તા.૨૧/૦૮/૨૦૨૦

21 AUG 2020

પ્રતિ
નાયબ કલેક્ટરશ્રી.
મધ્યાહ્ન ભોજન યોજના,
તમામ જિલ્લા

વિષય :- પોષણ માહ ૨૦૨૦ની ઉજવણી "સહી પોષણ- દેશ રોશન" થીમ પર ઉજવણી સંદર્ભે- શાળાઓમાં "કિચન ગાર્ડન" વિકસાવવા બાબત. તા.૦૧/૦૯/૨૦૨૦ થી ૩૦/૦૯/૨૦૨૦

સંદર્ભ :- મહિલા અને બાળ વિકાસ કચેરીના ઇ-મેઈલ દ્વારા. તા.૧૭/૦૮/૨૦૨૦

શ્રીમાન.

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, "રાષ્ટ્રીય પોષણ માહ" તરીકે ૧ થી ૩૦ સપ્ટેમ્બર-૨૦૨૦ને "સહી પોષણ - દેશ રોશન" થીમ આધારિત ઉજવણી કરવા માટે સરકારશ્રીએ નિર્ણય લીધેલ છે. શિક્ષણ વિભાગ દ્વારા આગામી પોષણ માહ ૨૦૨૦ની ઉજવણી પ્રત્યેક શાળામાં એક કિચન ગાર્ડન વિકસાવવાની નેમ સાથે કરવાની છે. Corona Covid-19 ની પરિસ્થિતીને લક્ષમાં રાખી અને હાલની વર્ષા ઋતુના સંદર્ભે આ પ્રવૃતિ શાળાના શિક્ષકો અને મધ્યાહ્ન ભોજન યોજનાના માનદવેતન ધારકો દ્વારા શાળાના પ્રાંગણમાં "કિચન ગાર્ડન" વિકસાવવાની પ્રવૃતિ થઈ શકે. શાળાઓમાં બાળકોના પોષણ માટે વિવિધ પ્રકારના ફળો. શાકભાજીના વૃક્ષો જેમ કે ટામેટાં. દૂધી. કારેલા. સરગવા. લીંબુ. આંબો. જાંબુ. જામફળ. આમળા વગેરે વૃક્ષો શાળા પરિસરમાં ઉછેરવા અને ઉત્પન થયેલ ફળો. શાકભાજી શાળાઓના બાળકો માટે તાજું ભોજન તૈયાર કરવામાં વપરાય. જેથી બાળકોમાં પોષણની માત્રા વધે અને બાળકોનું સ્વાસ્થ સારું રહે. "સુપોષિત ભારત વર્ષ-૨૦૨૨" ના સ્વપ્નને સિધ્ધ કરવા માટે રાજ્ય સરકારના અનેક વિભાગો દ્વારા જુદી જુદી પ્રવૃતિઓ ઝુંબેશ રૂપે હાથ ધરવામાં છે.

સપ્ટેમ્બર-૨૦૨૦ "રાષ્ટ્રીય પોષણ માસ" ની ઉજવણીમાં કિચન ગાર્ડન મહત્વની પ્રવૃતિ છે શિક્ષણ વિભાગ દ્વારા આ પ્રવૃતિ હાથ ધરવાની થાય છે. હાલમાં વર્ષા ઋતુ ગુજરાતમાં સક્રિય છે. નવા છોડ રોપાઓ ઉછેરવાનું અનુકૂળ વાતાવરણ છે. શાળાઓમાં ઉપલબ્ધ જગ્યા પ્રમાણે મધ્યાહ્ન

Scanned with CamScanner

ભોજન યોજનામાં વપરાશ થઇ શકેતેવાશાકભાજીનાછોડઉદાહરણતરીકેરીંગણ,ટામેટાં,દૂધી, ધાણા, મરચાં, આદું, મીઠો લીમડો તથા સરગવા, લીંબુ, જામફળ, દાડમ, ચીકુ જેવા દીર્ઘઆયુ રોપાઓનું વાવેતર અને કાળજીપૂર્વક ઉછેર થાય તે માટે હાલની આ વર્ષા ઋતુનો સમય ખુબજ અનુકૂળ છે. તેથી પોષણ માસ-૨૦૨૦ની ઉજવણીના ભાગ રૂપે સબબ આ કામગીરી ઝુંબેશ સ્વરૂપે કરવા વિનંતી છે.

શાળાઓમાં કિચન ગાર્ડન બનાવવા માટે આપની કક્ષાએથી DPEO અને TPEO મારફત શાળાઓ સુધી સૂચના અપાય તે જોવા વિનંતી છે.

તા.૦૧/૦૯/૨૦૨૦ થી ૩૦/૦૯/૨૦૨૦ દરમિયાન પોષણ માહ-૨૦૨૦ની ઉજવણીના ભાગરૂપે પ્રત્યેક શાળામાં

(૧) હયાત કિચન ગાર્ડનના ક્યારઓની માવજત થાય. તથા છોડવાની કાળજી લેવાની પ્રવૃતિ.

(૨) નવા છોડવાના વાવેતરની પ્રવૃતિ

(૩) સ્થાનિક જમીનની પ્રત અને આબોહવાને અનુરૂપ ફળછોડ અને બાળકોના મધ્યાહ્ન ભોજન યોજનામાં ઉપયોગમાં લઈ શકાય તેવા શાકભાજીના રોપાનું વાવેતર અને જાળવણીની પ્રવૃતિ હાથ ધરાય તે જોવા વિનંતી છે.

આભાર

સંયુક્ત કમિશનર

મધ્યાહ્ન ભોજન યોજના

ગાંધીનગર

નકલ સવિનય રવાના -

પ્રતિ,

- કમિશનરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગાંધીનગર. જાણ સારૂ.
- કમિશનરશ્રી, શાળાઓની કચેરી, ડૉ.જીવરાજ મેહતા ભવન, ગાંધીનગર. જાણ તથા સંબંધિતોને જરૂરી સૂચના આપવા વિનંતી સહ.
- સર્વ શિક્ષા અભિયાન, સેક્ટર-૧૭, ગાંધીનગર. જાણ તથા સંબંધિતોને જરૂરી સૂચના આપવા વિનંતી સહ.
- કલેક્ટરશ્રી, તમામ. જાણ તથા સંબંધિતોને જરૂરી સૂચના આપવા વિનંતી સહ
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર. જાણ તથા સંબંધિતોને જરૂરી સૂચના આપવા વિનંતી સહ.

Scanned with CamScanner

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૪૯-B તા.૨૫-૦૮-૨૦૨૦

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :-** **Suggestion from School Teachers and Principals from all over the Country to take the Implimentation Process of the National Education Policy - 2020.**

**સંદર્ભ :-** **નં. એસએસએ/મકમ/૨૦૨૦/૨૭૭૭૯-૮૮૨ તા.૨૪-૦૮-૨૦૨૦**

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે, નવી શિક્ષણ નિતિ-૨૦૨૦ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. ભારત સરકાર દ્વારા શાળા શિક્ષણ સંબંધી પ્રકરણો માટે પ્લાન ઓફ એકશન તેમજ નેશનલ કયુરિકલ ફ્રેમવર્ક તૈયાર કરવા માટે શિક્ષકો પાસેથી અભિપ્રાય પ્રશ્નોત્તરીના સ્વરૂપમાં મંગાવવામાં આવે છે. આ સાથે સામેલ સંદર્ભિત પત્રમાં દર્શાવેલ લીંક પર શિક્ષકોએ રજીસ્ટ્રેશન કરવાનું રહેશે અને બાદમાં પોતાના અભિપ્રાયો પ્રશ્નોત્તરીના જવાબ સ્વરૂપે આપવાના રહેશે. શાળાના વધારેમાં વધારે શિક્ષકોનું રજીસ્ટ્રેશન થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

રજીસ્ટ્રેશન માટેની લિંક : **http://innovateindia.mygov.in/** ત્યારબાદ **nep2020** પર કલીક કરવું.

અપલોડ તારીખ ૨૪-૦૮-૨૦૨૦ થી તા.૩૧-૮-૨૦૨૦ દરમ્યાન કરવાનું રહેશે.

બિડાણ : સંદર્ભિત પત્ર

તા.૨૫-૦૮-૨૦૨૦

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

૨૧૧૧૮ - ૯૯૨


સત્યમેવ જયતે

**પી. ભારતી,** આઈ.એ.એસ.
**સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર &**
**કમિશનર, પ્રાથમિક શિક્ષણ**


શિક્ષણનો અધિકાર

સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે


**નં. એસએસએ/મકમ/૨૦૨૦/**
**ગુજરાત શાળા શિક્ષણ પરિષદ**
**સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ, સમગ્ર શિક્ષા**
**સેક્ટર–૧૭, ગાંધીનગર**
**તા.૨૪ .૦૮.૨૦૨૦**
ફોન નંબરઃ (૦૭૯) ૨૩૨૪૩૧૩૩
ઈમેલ : spdssa@gmail.com


પ્રતિ

પ્રાચાર્યશ્રી
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
જિ. તમામ

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી
જિલ્લા. તમામ

જિલ્લા પ્રોજેક્ટ કો–ઓર્ડિનેટર અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા પ્રોજેક્ટ કચેરી, એસએસએ,
જિ. તમામ

એડી. જિલ્લા પ્રોજેક્ટ કો–ઓર્ડિનેટર અને
શાસનાધિકારીશ્રી,
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
જિ. અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા

**વિષયઃ Suggestion from School Teachers and Principals from all over the Country to take the Implimentation Process of the National Education Policy-2020.**

**સંદર્ભ : ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રલાયના માન.સચિવશ્રીના તા.૨૧.૮.૨૦૨૦ નો અર્ધ સરકારી પત્ર.**

આપ સુવિદિત છો કે ભારત સરકાર ધ્વારા નવી શિક્ષણ નિતિ–૨૦૨૦ (NEP-2020) પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

ભારત સરકાર ધ્વારા સંદર્ભ દર્શિત પત્રથી આ NEP-2020 અંતર્ગત શાળા શિક્ષણ સબંધિત પ્રકરણો માટે પ્લાન ઓફ એકશન તેમજ નેશનલ કયુરિકલ ફ્રેમવર્ક તૈયાર કરવા માટે શિક્ષકો પાસેથી અભિપ્રાય પ્રશ્નોત્તરીના સ્વરૂપમાં મંગાવવામાં આવેલ છે.

આ માટે ભારત સરકાર ધ્વારા આપવામાં આવેલ નીચેની લીંક પર શિક્ષકોએ રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે અને બાદમાં પોતાના અભિપ્રાયો પ્રશ્નોત્તરીના જવાબના સ્વરૂપમાં આપવાના રહેશે. આ માટે શાળા શિક્ષણ સબંધિત પ્રકરણોના સબંધમાં પ્રશ્નો પૂછવામાં આવ્યા છે અને આ પ્રશ્નોની સારી સમજ માટે તે પ્રશ્ન સબંધિત NEP-2020 ના પ્રકરણ ટોપીક સબંધિત વિગત NEP-2020 માં વાંચી પ્રશ્નોના જવાબ વધુ સારી રીતે આપી શકે. શિક્ષકોએ પોતાના જ્ઞાન, અનુભવ અને કલાસરૂમ ટ્રાન્ઝેકશન/ટીચીંગ આધારે આ જવાબો આપવાના રહેશે. વધુ વિગત માટે આ સંદર્ભ દર્શિત પત્ર આ સાથે સામેલ છે. આ વિગતો સરકારી/ગ્રાન્ટેડ/ખાનગી પ્રાથમિક/માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક તમામ શાળાઓ સુધી પહોંચતી કરવા વિનંતી. અને આપના જિલ્લાઓની વધારેમાં વધારે શિક્ષકો ધ્વારા રજીસ્ટ્રેશન થાય તે જોવા વિનંતી.

**લિંકઃ http://innovateindia.mygov.in/ ત્યારબાદ nep2020 પર કલીક કરવું.**
**અપલોડ તા.૨૪.૮.૨૦૨૦ થી તા.૩૧.૮.૨૦૨૦ દરમ્યાન કરવાનું રહેશે.**

**બિડાણ : સંદર્ભ દર્શિત પત્ર**

(પી. ભારતી)

**નકલ સવિનય જાણ અર્થે રવાના :**

– માન.સચિવશ્રી (પ્રા. અને મા. શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
– નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
– નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, બ્લોક નં.૧૨/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
– નિયામકશ્રી, જીસીઈઆરટી, સેક્ટર–૧૨, ગાંધીનગર

E:\D\DPEO\letter.doc

अनीता करवल, भा. प्र. से
सचिव

**Anita Karwal, IAS**
**Secretary**

**Department of School Education & Literacy**
**Ministry of Education**
**Government of India**

सत्यमेव जयते

D.O. No.210820/Secy(SE&L)/2

Dated:21.08.2020

Dear School Education Secretary,

The Department of School Education and Literacy has decided to call for suggestions from school teachers and Principals from all over the country on how to take the implementation process of the National Education Policy, 2020 forward.

To simplify the process for the teachers, the suggestions are being called on each theme of the NEP related to school education (List attached), through a question answer process. The questions are framed in such a manner that teachers can relate to them from their experience as teachers and classroom transactions. Each question also gives reference to the paragraph of NEP to which refers to, to enable the teacher to read the same for better understanding of the policy, before uploading suggestions.

All suggestions received shall be examined by a team of experts from NCERT. Though suggestions are being called in a limited words format, however, for gathering further information, if required, teachers whose suggestions are found useful for incorporating in National Curriculum framework or in the Implementation Plan, shall be individually contacted.

Teachers and Principals can go to the link http://innovateindia.mygov.in/nep2020 and register their details first. After that, they may browse through the chapter wise questions, and give suggestions on as many areas as they deem fit. We hope that teachers will give suggestions based on their own experiences and learnings. This will add value and richness to this whole exercise.

States/UTs are requested to disseminate this widely amongst all teachers in the state – whether belonging to government schools, private schools, or affiliated to different secondary school boards. States/UTs may hold video conferences on priority, send to teachers WhatsApp groups being maintained at various levels, or use the route of SCERTs/DIETs/DEOs/BRCs/CRCs, etc. for ensuring wide dissemination of this process.

The dates for uploading suggestions by teachers are 24th August to 31st August. We look forward to wide participation from your State/ UT.

Best wishes.

Yours sincerely,

Anitakarwal
(Anita Karwal)

Encls: as above

Secretaries (School Education) of all States/UTs
Director, NCERT
CEO, MyGov

124 'सी' विंग, शास्त्री भवन, नई दिल्ली -110001
124 'C' Wing, Shastri Bhawan, New Delhi-110001
Telephone:+91-11-23382587, +91-11-23381104 Fax : +91-11-23387589
E-mail:secy.sel@nic.in

Scanned with CamScanner